ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન

# ખનિજ પત્રિકા

## એસોસીએશન સમાચાર

મે - ૨૦૧૭ । વર્ષ ૨૩

ESTD. 1962
**GUJMIN INDUSTRY ASSOCIATION**
Reg. No. GUJ/15299/AHMEDABAD UNDER SOCIETY ACT - 1860
2nd Floor, Marble & Mineral Chambers,
B/h. D. K. House, Mithakhali,
Ahmedabad - 380 006. (Gujarat) Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org

## ૫૨મી વાર્ષિક સામાન્ય સભાના સંભારણા





# પ્રમુખ સ્થાનેથી ......



સભ્યશ્રીઓ,

આપ સર્વે કુશળ હશો.

ગુજરાતનો ખનિજ ઉદ્યોગ હાલ અનેક પડકારોનો સામનો કરી રહેલ છે. માઈન્સ એન્ડ મિનરલ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૨૦૧૫ મિનરલ કન્શેશન રૂલ્સ ૨૦૧૬ અને મિનરલ કન્ઝર્વેશન એન્ડ ડેવલોપમેન્ટ રૂલ્સ, ૨૦૧૭ વગેરે કાયદાઓની હારમાળા સર્જાઈ છે. આમ, કેન્દ્ર સરકારશ્રી દ્વારા નવા નિયમોમાં દાખલ કરવામાં આવેલ જોગવાઈઓ ગુજરાત સરકારશ્રીએ પણ નવા નિયમોમાં દાખલ કરેલ છે. જેમાં નાની ખાણો માટે પણ મુખ્ય ખનીજોની માફક માઈનીંગ પ્લાન મુજબ જ કાર્ય પદ્ધતિ અપનાવવાની અને નિયમોના જોગવાઈઓનું પાલન કરવાની જરૂરીયાત ઉદભવેલ છે.

રાજ્ય સરકારશ્રીએ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૬ અને ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખાણકામ, વહન અને સંગ્રહ) નિયમો : ૨૦૧૬ નો મુસદ્દો બહાર પાડેલ છે જે ટૂંક સમયમાં અમલમાં આવનાર છે. જેમાં હવે ગૌણ ખનિજોની કવોરી લીઝો હરાજી પદ્ધતિથી જ મંજુર કરવામાં આવનાર છે. આમ, કાયદામાં અનેક સુધારણા થવાથી તેના અમલીકરણમાં અનેક મુશ્કેલીઓ પડનાર છે. આ ઉપરાંત આ ઉદ્યોગ પર અનેક નાણકીય બોઝાઓ વધી રહેલ છે. જેમકે ડીસ્ટ્રીકટ મિનરલ ફંડ, નેશનલ મિનરલ એકસ્પ્લોરેશન ટ્રસ્ટ ફંડ, રોયલ્ટી પર સર્વિસ ટેક્ષ, માઈનીંગ પ્લાન સાથે રજુ કરવાની બેંક ગેરંટીની રકમમાં તથા માઈનીંગ પ્લાન રજુ કરવાની ફીમાં અનેક ગણો વધારો, ફી અને દંડની રકમમાં ૫૦૦ ગણો વધારો થવાથી આમ આદમી કે જે ખનિજના ધંધા સાથે સંકળાયેલ છે તેને આટલી મોટી રકમ ચૂકવવી તેની ક્ષમતા બહાર છે. આ ઉપરાંત હરાજી પદ્ધતિમાં રહેલ અનેક ત્રુટીઓના કારણે આ પદ્ધતિ અવ્યવહારુ બની રહેલ છે.

આ બધા જ નિયમો, આર્થિક ભારણ તેમજ બિનવ્યવહારૂ જોગવાઈઓના કારણે આ ઉદ્યોગમાં અનિશ્ચિતતા અને દ્વીધાત્મક પરિસ્થિતી ઉદભવવા પામેલ છે. પરંતુ આ બધી જ બાબતમાં પ્રતિક્રિયા આપવાને બદલે જ્યારે ગુજરાતમાં ખનિજના ભંડારો ભરાયેલા છે ત્યારે ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ કુશળતા દાખવી, દુરંદેશી વ્યવસાયિક કાર્ય પદ્ધતિ અપનાવી, વ્યવસાયિક રાહે ધંધાની સ્થાપના કરી, કુશળ માનવશ્રમને કામે લગાડી, શક્તિશાળી અને કાર્યક્ષમ સાધનો તથા ઓજારો અને નવી ટેકનોલોજી પદ્ધતિની જાણકારી મેળવી, સલામત અને વૈજ્ઞાનિક ઢબે ખાણકામ કરી, મુલ્ય વર્ધિત પદ્ધતિ અપનાવી, વેસ્ટ મિનરલનો મહત્તમ ઉપયોગ કરી, પર્યાવરણની જાળવણી કરી આવનાર પડકારો સામે પણ ધંધાના વિકાસની હરણફાળ ભરી શકીશું તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

**આપણા એસોસિએશનની કાર્યવાહી ઉપર નજર નાખીએ તો –**

આપણા એસોસિએશનની બાવનમી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭/૪/૧૭ ના રોજ મળેલ. જેમાં મુખ્ય અતિથિ તરીકે માન. ખાણમંત્રીશ્રીને આમંત્રિત કરવામાં આવેલ. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી શકેલ ન હોઈ તેઓશ્રી તરફથી પત્ર તા. ૨૬/૪/૧૭ થી શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ. અતિથી વિશેષ તરીકે શ્રી એ.એલ. ઠાકોર, ચીફ જનરલ મેનેજર, જી.એમ.ડી.સી., શ્રી કે.એસ. યાદવ, રીજીઓનલ કન્ટ્રોલર ઓફ આઈ.બી.એમ., ગાંધીનગર, શ્રી રફીક સૈયદ, ડાયરેક્ટર ઓફ માઈન્સ એન્ડ સેફટી, ગાંધીનગર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

આપણા સભ્યો જે સમગ્ર ગુજરાત રાજ્યમાં અલગ અલગ જીલ્લાઓમાં ખનિજને લગતા કામકાજ કરે છે તેમાં પડતી મુશ્કેલીઓની સમયાંતરે એસોસિએશનને જે રજુઆતો કરવામાં આવી હતી તેના આધારે સરકારશ્રીને જરૂરી રજુઆતો કરવા માટે જે ઠરાવો પસાર કરવામાં આવેલ હતા (તેની નકલ આ અંકમાં સામેલ છે). તે મુજબ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રી, ગાંધીનગર તેમજ અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરને રજૂઆત કરી દીધેલ છે. જેનો સરકારશ્રી તરફથી સાનુકુળ પ્રતિભાવ મળે તેવી અપેક્ષા રાખીએ.

અંતમાં એસોસિએશનના પ્રમુખ તરીકે એક વર્ષનો કાર્યકાળ પૂરો થતા સુધીમાં આપ બધા સભ્યો તરફથી મળેલ સહકાર બદલ સૌ સભ્યોનો અભાર વ્યક્ત કરૂં છું અને ફરીથી નાના લીઝ ધારકોથી માંડી દરેકના પ્રશ્નો અને ધંધાના વિકાસ માટે કાર્ય કરવા તેમજ રાજય સરકારશ્રી અને સભ્યો વચ્ચે અમારી ટીમ સાંકળરૂપ બની પ્રશ્નોનું નિરાકરણ માટેના પ્રયાસો કરવાની ખાત્રી આપું છું.

આપ સૌના સહકારની અપેક્ષા સહ,

**પી.એન. રાવ**
**પ્રમુખ**

## ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનની બાવનમી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનની બાવનમી વાર્ષિક સામાન્ય સભા તા.૨૭/૪/૨૦૧૭, ગુરૂવારના રોજ સાજે ૪.૦૦ કલાકે જી.એમ.ડી.સી. ઓડીટોરીયમ, જી.એમ.ડી.સી., અમદાવાદ ખાતે પ્રમુખશ્રી પી.એન.રાવના અધ્યક્ષ સ્થાને મળેલ હતી આ સભામાં એસોસીએશનના હોદ્દેદારો, સભ્યો અને આમંત્રિતો સહિત કુલ : ૮૧ વ્યકિતઓ હાજર હતા.**

- અતિથિ વિશેષશ્રી એ.એલ. ઠાકુર (ચીફ જનરલ મેનેજર, જી.એમ.ડી.સી.), શ્રી કે.એસ. યાદવ ( રિજીયોનલ કંટ્રોલર ઓફ ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ), ગાંધીનગર, શ્રી રફીક સૈયદ, (ડાયરેકટર, માઈન્સ એન્ડ સેફટી), ગાંધીનગર તથા એસોસીએશના હોદ્દેદારોના વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરી સભાની શરૂઆત કરવામાં આવી.

- માનદ્ મંત્રીશ્રી સી.એમ. દ્રિવેદી ધ્વારા સભામાં ઉપસ્થિત અતિથિ વિશેષ, અતિથિઓ, એસોસીએશનના હોદ્દેદારો, સભ્યો તથા આમંત્રિતોનું સ્વાગત કરવામાં આવેલ.

- અતિથિ વિશેષ શ્રી એ.એલ. ઠાકોર, શ્રી કે.એસ. યાદવ, તથા શ્રી રફીક સૈયદને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

- **આ સામાન્ય સભા દરમ્યાન જે તે વિષયના તજજ્ઞો પૈકી :-**
  (૧) શ્રી અરવિંદ ગુપ્તા, ટેકસ સોલ્યુશન સલાહકાર ધ્વારા માઈનીંગ ઉદ્યોગ પર **Goods & Service Tax (GST)** ની પડનાર અસરો વિષય ઉપર વિસ્તૃત રીતે સમજૂતી આપતુ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરેલ.
  (૨) એસોસીએશનના માનદમંત્રી શ્રી સી.એમ. દ્રિવેદી, ધ્વારા "ગુજરાતમાં ખનિજ ઉદ્યોગ સામેના પ્રવર્તમાન પડકારો" **(Immediate Challenges Before Mineral Industry in Gujarat)** ઉપર વિસ્તૃત રીતે સમજૂતી આપતુ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરેલ.
  (૩) શ્રી પલક શેઠ ધ્વારા આગામી તા. ૯/૬/૧૭ થી તા.૧૧/૬/૧૭ દરમ્યાન **Mining Engineers Association**, અમદાવાદ ચેપ્ટર ધ્વારા જી.એમ.ડી.સી., અમદાવાદ ખાતે **International Seminar on Management of Mines Waste with Value Addition** ના વિષય પર યોજાનાર સેમીનારના કાર્યક્રમ અન્વયે જાણકારી આપી ગુજમીન ઈન્ડસ્ટ્રી ઓસોસીએશનના સભ્યશ્રીઓને ખાસ કરીને યુઝર ઓફ સોલીડ વેસ્ટ અને સિમેન્ટ ઉદ્યોગકારો, પ્રોસેસરો, ડોલોમાઈટ પાવડર ઉત્પાદકાને આ સેમીનારમાં અવશ્ય ભાગ લેવા વિનંતી કરેલ.

ઉપરોકત પ્રેઝન્ટેશન બાદ સ્પીકર્સ (વકતાશ્રીઓ) સર્વશ્રી અરવિંદ ગુપ્તા, પલક શેઠ અને સી.એમ. દ્રિવેદીનું મંચ પર ઉપસ્થિત મહાનુભવો ધ્વારા મોમેન્ટો (સ્મૃતિ ચિહન) આપી અભિવાદન કરવામાં આવેલ.

**પ્રમુખશ્રી પી. એન.રાવએ તેમના મૌલિક વકતવ્યમાં જણાવેલ કે -**

- ✓ એસોસસીએશનની સ્થાપના તેમજ તેમનો જન્મ એક જ વર્ષ એટલે સન ૧૯૬૨ માં થયેલ હોવાથી પોતાને એસોસીએશનની સેવા કરવાનો અવસર મળવા બદલ નસીબદાર માને છે.
- ✓ સતત ભરચક કાર્યક્રમ વચ્ચેની આજની આપણી વાર્ષિક સામાન્ય સભા ઐતિહાસિક બની રહેશે.
- ✓ ડી.એમ. એફ. બાબતે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશને ડી.એમ.એફ. ની રકમ નહીવત રાખવા તેમજ તેની વસૂલાત તા.૧/૪/૧૬ થી કરવા રાજય સરકારને સતત રજૂઆત કરેલ. જેને કારણે ગૌણ ખનિજોમાં ડી.એમ.એફ. ની રકમ રોયલ્ટીના ૧૦% રાખેલ છે. આમ, ગૌણ ખનિજ માટે રાજય સરકારની સ્વીકૃતિ તે એસોસીએશન માટે એચીવમેન્ટ (સિધ્ધિ) છે. લીઝ ધારકો ધ્વારા તા.૧/૪/૧૬ થી ડી.એમ.એફ. ની રકમ ભરપાઈ કરવામાં આવી રહેલ છે. તેમ છતાં આ બાબતે નામ. કોર્ટના આદેશને આધિન છે.
- ✓ રોયલ્ટી એ એક પ્રકારનો ટેક્ષ હોઈ રોયલ્ટી પરનો સર્વિસ ટેક્ષ ગેરકાયદેસર હોઈ આ બાબતે રાજયના લીઝ ધારકો ધ્વારા મળેલ રજૂઆત મુજબ સર્વિસ વિભાગ ધ્વારા મૌખિક તેમજ લેખિતમાં નોટીસો મળેલ છે. આ અન્વયે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન ધ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટીશન કરી દાદ માંગેલ છે.
- ✓ સ્કીલ ડેવલોપમેન્ટ વિષે બોલતા શ્રી રાવએ જણાવેલ કે આગામી ૫ – ૬ વર્ષમાં ભારતના તાલીમ પામેલ અને કુશળ કર્મચારીઓ પૂરા વિશ્વમાં ખૂબ જ મોટી સંખ્યામાં હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સંસ્થાઓ ધ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ કાર્યક્રમ થકી કર્મચારી / શ્રમિકોમાં કામના સ્થળ પર સલામતિના નીતિ નિયમો સાથે ઉત્પાદન વધારવાની ક્ષમતા કેળવાશે તેમજ જીવન કૌશલ્યની તાલીમ ધ્વારા તેમના અંગત વર્તણુક અંગની સભાનતા અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ કેળવાશે.
- ✓ **International Centre of Excellence in Mining Safety & Automation (iCEM)** ની સ્થાપનામાં શ્રી એ.એલ. ઠાકોરનું ખૂબ જ યોગદાન હોઈ શ્રી પી.એન.રાવએ તેમને અભિનંદન આપેલ. જી.એમ.ડી.સી.ના સમન્વય થી **iCEM** ખૂબ જ સારૂ કામ કરી રહયુ છે. **iCEM** પણ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ **(IIMA)** ની જેમ ખ્યાતનામ બને તેવી આશા વ્યકત કરેલ.
- ✓ જો ઉદ્યોગોએ વિકાસ કરવો હશે તો નવી નવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો રહેશે.
- ✓ માઈનીંગ ઉદ્યોગમાં બ્લાસ્ટીંગ પધ્ધતિને બદલે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી **"Zero Noise Tolerance"** ની દિશામાં આગળ વધીને, ખનિજનો બગાડ થતો અટકાવીને આપણે આપણા કાર્ય પધ્ધતિમાં પરિવર્તન લાવવાની જરૂરીયાત પર ભાર મૂકેલ.
- ✓ અંતમાં, શ્રી પી.એન. રાવએ રિજીયોનલ કંટ્રોલર ઓફ આઈ.બી.એમ. ની કચેરી ગાંધીનગર ખાતે શરૂ કરવા બદલ શ્રી કે.એસ. યાદવનો આભાર વ્યકત કરેલ. આ.ઈ.બી.એમ. ની પ્રાદેશિક કચેરી ગાંધીનગર હોવાથી ગુજરાતના માઈનીંગ ઉદ્યોગકારોનું કામ સરળ અને ઝડપી બનશે તેવી આશા વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં પધારવા બદલ શ્રી રફીક સૈયદ, ડાયરેકટર સેફટી એન્ડ માઈન્સનો આભાર વ્યકત કરેલ.

- શ્રી કે.એસ. યાદવ, રીજીયોનલ કન્ટ્રોલર ઓફ આઈ.બી.એમ. એ આ સભામાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવા બદલ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનનો આભાર વ્યકત કરી જણાવેલ કે આ.ઈ.બી.એમ. ધ્વારા ડીઝીટાઈઝેશનનો ઝડપી અમલીકરણ કરવામાં આવી રહેલ હોવાથી લીઝ ધારકોની કામગીરી ઓનલાઈન થતા સરળીકરણ થવા પામશે. જેથી લીઝ ધારકોએ આઈ.બી.એમ. કચેરી સુધી આવવાની જરૂરીયાત રહેવા પામશે નહી.

- શ્રી રફીક સૈયદ, ડાયરેકટર, માઈન્સ એન્ડ સેફટીએ તેમના પ્રવચનમાં સસ્ટેનેબલ માઈનીંગ, સેલ્ફ રીવ્યુ પધ્ધતિ તેમજ તબકકાવાર પૂર્ણતઃ માઈનીંગ પ્લાન રજૂ કરવા વિષે ભાર મૂકેલ. સેફટી એન્ડ માઈન્સની કચેરી તે લીઝ ધારકોને જરૂરી સુવિધા પૂરી પાડવા માટે છે નહી કે ભય ફેલાવા માટે. તેવો વિચાર વ્યકત કરેલ.

- શ્રી એ.એલ. ઠાકોરએ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનની બાવનમી વાર્ષિક સામાન્ય સભાના કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રણ બદલ સૌ કોઈનો આભાર વ્યકત કરેલ.
  - ✓ શ્રી એ.એલ. ઠાકોરએ તેમના વ્યકતવ્યમાં જણાવેલ કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન ૬૦૦ થી વધારે લીઝ ધારકો તથા ખનિજ ઉદ્યોગકારોનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા એક વટવૃક્ષ બની ગયેલ છે. જે ખનિજ અને ખનિજ આધારિત ઉદ્યોગ સાથે સંકળાયેલ સભ્યો તરફથી માઈનીંગ ઉદ્યોગના પ્રશ્નોની કરવામાં આવતી રજૂઆત અન્વયે રાજય સરકારશ્રી અને સભ્યો વચ્ચે સાંકળરૂપ બની રાજય સરકારશ્રીને તેના વ્યવહારિક નિરાકરણ માટે અનુભવી હોદ્દેદારો ધ્વારા સૂચનો તૈયાર કરી, સરકાર શ્રીમાં રજૂ કરી વ્યવહારિક નિરાકરણ લાવવા હંમેશા કટિબધ્ધ છે.
  - ✓ આ એસોસીએશનના હોદ્દેદારો ફીમી, ન્યુ દિલ્હીમાં પણ જુદીજુદી કમિટિઓમાં પણ હોદ્દાઓ ધરાવે છે.
  - ✓ ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એકસેલન્સ ઈન માઈનીંગ સેફટી એન્ડ ઓટોમેશન (આઈ.સી.એમ.) તે ગુજરાત સરકાર ધ્વારા, જી.એમ.ડી.સી.ના સહયોગથી સ્થાપવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ સ્કીલ ડેવલોપમેન્ટ, કોર્પોરેટ ડેવલોપમેન્ટ, ઉચ્ચ કક્ષાની આધુનિક ટેકનોલોજીનની જાણકારી, શિક્ષણ અને તાલીમ, સંશોધન અને વિકાસ વગેરેનો છે.
  - ✓ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન તેમના અનુભવી હોદ્દેદારોના સંચાલનથી ખનિજ ઉદ્યોગના વિકાસ માટે અવિરત પ્રમાણે કાર્ય કરતું રહે તેવી શુભેચ્છા પાઠવી જી.એમ.ડી.સી.નો પણ સંપૂર્ણ સાથ અને સહકાર મળતો રહેશે તેવી ખાતરી આપેલ.

- માનદ્ મંત્રી શ્રી સી.એમ. દ્વિવેદીએ :-
  - ✓ ગત તા.૧૧/૩/૨૦૧૬ ના રોજ યોજાયેલ ૫૧મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચી સંભળાવેલ.
  - ✓ એસોસીએશનની વર્ષ ૨૦૧૬-૧૭ ની કામગીરીનો અહેવાલ વાંચી સંભળાવેલ.
  - ✓ વર્ષ ૨૦૧૫-૧૬ ના ઓડીટ થયેલ હિસાબો રજૂ કરેલ.

  જેને હાજર રહેલ તમામ સભ્યો ધ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી.

- સામાન્ય સભામાં પ્રસ્તાવિત ઠરાવોની વિષદ ચર્ચા કરવામાં આવેલ.જેની નકલ હાજર રહેલ તમામ સભ્યોને આપવામાં આવેલ. આ બાબતે બધાજ સભ્યોએ સક્રિય રસ લઈ ખૂબ જ ઉપયોગી સૂચનો કર્યા હતા. આ ઉપરાંત આપણા સભ્યો જે સમગ્ર ગુજરાત રાજયમાં અલગ અલગ જીલ્લાઓમાં ખનિજને લગતા કામકાજ કરે છે તેમાં પડતી તકલીફોની સમયાંતરે એસોસીએશનને જે રજૂઆતો કરવામાં આવી હતી તેના આધારે સરકારશ્રીને જરૂરી રજૂઆતો કરવા માટે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

- આપણા એસોસીએશનના હિસાબોનું સતત વાર્ષિક અન્વેષણ કરવા ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭ – ૧૮ માટે મે. અનિલ એમ. શાહ એન્ડ કુ.ની નિમણુક કરવાનું ઠરાવવામાં આવેલ અને તેમનું મહેનતાણું નકકી કરવાની સત્તા મેનેજીંગ કમિટિના માનદ્ મંત્રીશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવેલ.

- અંતમાં, ઉપપ્રમુખશ્રી જતિનભાઈ પટેલએ આભાર વિધિ કરતા જણાવેલ કે –

- ✓ આપણા એસોસીએશની પરમી વાર્ષિક સામાન્ય સભામાં મંચ પર હાજર તમામ મહાનુભવો, દરેક સભ્યશ્રીઓ તથા આમંત્રિતોએ તેમનો સમય ફાળવી હાજર રહેવા બદલ તેમજ કાર્યક્રમની સફળતા બદલ દરેક હોદ્દેદારો અને ઓફીસ બેરરનો આભાર વ્યકત કરવામાં આવેલ.
- ✓ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન ફીમી, ન્યુ દિલ્હીની સાથે રહી ઘણા બધા પડતર કેસોના નિકાલ માટે હંમેશા તત્પર રહે છે. વધુમાં, એસોશીએશન ફકત પ્રશ્નોના નિરાકરણ નથી લાવતું, પરંતુ સરકાર અને ઉદ્યોગ વચ્ચે એક સંકલનનો સેતુ બંધાય તેવા પ્રયાસો કરે છે.
- ✓ ''માઈન્સ એન્ડ સેફટી ડિપાર્ટમેન્ટ તે રેગ્યુલેટરી બોડી નથી પરંતુ મુકત અને સારૂ વાતાવરણ પૂરી પાડનાર સંસ્થા છે. '' આ વિચાર બદલ શ્રી જતિનભાઈએ શ્રી રફીક સૈયદના ભારોભાર આભારની લાગણી વ્યકત કરેલ.
- ✓ જી.એચ.સી.એલ. તરફથી વર્ષ દરમ્યાન યોજવામાં આવેલ કારોબારીની મિટિંગની નિઃસુલ્ક વ્યવસ્થા બદલ એસોસીએશન વતી કંપનીનો તેમજ શ્રી પી.એન. રાવનો આભાર વ્યકત કરેલ હતો.
- ✓ મુખ્ય અતિથિ શ્રી રોહિતભાઈ પટેલ (માન. મંત્રીશ્રી ખાણ અને ખનિજ)ને દિલ્હી ખાતેની અગત્યની મિટિંગમા જવાનું હોવાથી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકેલ નહી. જે બદલ તેમણે એસોસીએશનને શુભેચ્છા સંદેશ મોકલી આપેલ. જે ઉપપ્રમુખ શ્રી જતિનભાઈ પટેલએ વાંચી સંભળાવેલ.

ત્યારબાદ અન્ય કોઈ મુદદા ન હોવાથી મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી હતી.

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનની તા.૨૭/૪/૨૦૧૭ના રોજ જી.એમ.ડી.સી. ઓડીટોરીયમ, જી.એમ.ડી.સી., અમદાવાદ ખાતે મળેલ પરમી વાર્ષિક સામાન્ય સભામાં મેનેજીંગ કમિટિમાં મંજૂર થયેલા એ.જી.એમ.ના પ્રાસ્તાવિક ઠરાવોઃ-**

એસોસીએશનની ૫૧મી વાર્ષિક સામાન્ય સભા તા.૧૧/૩/૨૦૧૬ના રોજ આત્મા હોલ, અમદાવાદ ખાતે થયેલ તેની મિટિંગની મીનીટ્સ વાંચવામાં આવેલ હતી અને તેમાં હાજર સભ્યો ધ્વારા મંજૂર કરવામાં આવી હતી.

**ઠરાવ નં.૧**

(અ) સને ૨૦૧૬-૧૭ના વર્ષની એસોસીએશનની કામગીરીનો અહેવાલ માનદ્ મંત્રીશ્રીએ રજુ કરેલ.
(બ) માનદ્ ખજાનચીશ્રીએ તા.૧/૪/૨૦૧૫ થી તા.૩૧/૩/૨૦૧૬ સુધીના પૂરા થયેલા વર્ષના એસોસીએશનના ઓડીટ કરેલ હિસાબો રજૂ કર્યા હતા.
(ક) આ સંસ્થાના હિસાબોનું સતત અને વાર્ષિક અન્વેષણ કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તરીકે મે. અનિલ એસ. શાહ એન્ડ કંપની, અમદાવાદની નિમણુંક કરવાનું ઠરાવવામાં આવેલ છે. તેઓશ્રીને આપવાનું મહેનતાણું નકકી કરવાની સત્તા એસોસીએશના મેનેજીંગ કમિટિના માનદ્ મંત્રીશ્રીને આપવાનું ઠરાવવામાં આવેલ છે.

**ઠરાવ નં.૨**

કેન્દ્ર સરકારશ્રીએ માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ એકટ, ૨૦૧૫ તા.૧૨/૧/૧૫ થી અમલી બનાવેલ છે. આ સુધારેલ એકટમાં અસ્તિત્વ ધરાવતી માઈનીંગ લીઝોની મુદતમાં વધારો કરવા, નવી માઈનીંગ લીઝો હરાજી પધ્ધતિથી મંજૂર કરવા વગેરેનો સમાવેશ થાય છે. આ સંબંધે રાજયમાં ખનિજ પ્રવૃત્તિ અવિરતપણે ચાલુ રહે તે માટે રાજય સરકારશ્રીએ તેઓને મળેલ સત્તાની રૂએ એકટમાં થયેલ સુધારાને અમલમાં લાવવા માઈનીંગ લીઝોની મુદતમાં વધારો કરવા તાત્કાલીક ધોરણે જરૂરી આદેશો કરવા તથા હરાજી માટેના વિસ્તારો નિયત કરી હરાજીની પ્રક્રિયા સત્વરે ચાલુ થાય તેવી રાજય સરકારશ્રીને રજૂઆત કરવા નમ્ર વિનંતી છે.

વધુમાં ભારત સરકારશ્રીના ખાણ મંત્રાલય, ન્યુ દિલ્હીના જાહેરનામા તા.૧૦/૨/૧૫ થી ૩૧ મુખ્ય ખનિજો કે જે ગૌણ ખનિજો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. પરંતુ, આ ૩૧ વર્ગીકૃત થયેલ ગૌણ ખનિજો તા.૧૦/૨/૧૫ અગાઉ મુખ્ય ખનિજો હતા જેથી આ ૩૧ ખનિજોની મુદતમાં પણ પ્રથમ તબકકે એકટની કલમ : ૮ એ (૫) અને ૮ એ (૬) મુજબ મુદત લંબાવવાની થાય છે. આ ઉપરાંત આ ૩૧ મુખ્ય ખનિજો ગૌણ ખનિજો તરીકે વર્ગીકૃત થતા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો – ૨૦૧૦ ના દાયરામાં આવે છે. તેથી તેની કવોરી લીઝ માટેની અરજીઓ સ્વીકારવા તથા આ નિયમો હેઠળ કવોરી લીઝો મંજૂર કરવા રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી પી.એન. રાવ |
| ટેકો આપનાર | : શ્રી હર્ષવર્ધન ભવાની |

**ઠરાવ નં.૩**

ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર ધ્વારા તા.૧૨/૭/૨૦૧૬ ના રોજ ગૌણ ખનિજોના નિયમન માટે ધી ગુજરાત માઈનોર મિનરલ કન્સેશન રૂલ્સ, ૨૦૧૬ તથા ખનિજોના ગેરકાયદેસર ખોદકામ, હેરફેર અને સંગ્રહ ઉપર રોક લગાવવા માટે ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહની અટકાયત) નિયમો ૨૦૧૬ ના મુસદાઓ બહાર પાડેલ છે. આ અન્વયે અમારા એસોસીએશને પત્ર તા.૯/૮/૧૬ થી આ બંન્ને મુસદાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી તેની ખનિજ ઉદ્યોગ પર પડનાર અસરોને ધ્યાને લઈ સૂચનો / અભિપ્રાયો મોકલી આપેલ છે. જે અન્વયે આ નિયમો આખરી કરતા પહેલા એસોસીએશનના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી રૂબરૂમાં વિગતે ચર્ચા કરવાની તક આપવા તેમજ રાજય સરકારશ્રીને મળેલ સત્તાની રૂએ સત્વરે આ નિયમો આખરી કરવા રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી જતિનભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી આશિષ પટેલ |

**ઠરાવ નં.૪**

ગુજરાત માઈનોર મિનરલ કન્સેશન રૂલ્સ, ૨૦૧૬ના મુસદ્દામાં ગૌણ ખનિજોની તમામ લીઝો હરાજી પધ્ધતિથી મંજૂર કરવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. ગુજરાતમાં મળી આવતા પાર્ટ એ-૧ અને પાર્ટ એ-૨ હેઠળના મોટા ભાગના ગૌણ ખનિજો ઓછી કિંમત (લો વેલ્યુ) ધરાવે છે. આ ખનિજોની લીઝો હાલમાં આર્થિકરીતે સધ્ધર ન હોય તેવા સ્થાનિક ઈસમો ધરાવે છે અને પોતાનું તથા કુટુંબનું જીવન- નિર્વાહ ચલાવે છે. આ ખનિજોની લીઝો હરાજી પધ્ધતિથી જ મંજૂર કરવામાં આવશે તો તેમાં મોટા રોકાણની જરૂરીયાત પડશે અને હાલના આર્થિકરીતે નબળા પટ્ટેદારો તેમાં ભાગ લઈ શકશે નહી અને તેઓની વર્ષોની પ્રવૃત્તિમાંથી ફરજીયાતપણે દૂર થવું પડશે. જેથી ગૌણ ખનિજોના નિયમોમાં પાંચ હેકટર સુધીની ગૌણ ખનિજોની લીઝ હરાજી પધ્ધતિ સિવાય હાલની પ્રથા પ્રમાણે મંજૂર કરવાની જોગવાઈ કરવા રજૂઆત કરવા નમ્ર વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી બિરેનભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી સી.એમ. દ્વિવેદી |

**ઠરાવ નં.૫**

ખાતા ધ્વારા રાજયમાં ખનિજોના લીઝ વિસ્તારના ખાડાની માપણી કરી તેમજ સ્ટોક વેરીફીકેશન કરી લીઝ ધારકોને પેનલ્ટી પેટે જંગી રકમો ભરવાની નોટીસો આપવામાં આવી રહેલ છે અને આ નોટીસના તબકકે તાત્કાલીક અસરથી ઈ-રોયલ્ટી બંધ કરાવી ખનિજોની નિકાસ પ્રવૃત્તિ બંધ કરાવવામાં આવી રહેલ છે.

આ સંબંધે જણાવવાનું કે સરકારશ્રીએ નજીકના ભૂતકાળમાં જ રાજયની તમામ લીઝોનું સિસ્ટમ ઓડીટ કરાવેલ છે અને સિસ્ટમ ઓડીટના ઉદ્દેશ મુજબ લીઝોની ખાણકામની સ્થિતિના ભવિષ્યના ઈન્સપેકશન માટે બેઝમેપ તૈયાર કરેલ છે. સિસ્ટમ ઓડીટ બાદ જે ઈન્સપેકશન અને ખાડામાપણી કરવામાં આવે તેના માટે સિસ્ટમ ઓડીટ વખતે તૈયાર કરવામાં આવેલ બેઝમેપ ધ્યાને લઈ ત્યારપછીના ખનિજ ખોદકામને ઈન્સપેકશનના જથ્થાની ગણતરી માટે ધ્યાને લેવાનું રહે છે. ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં તા. ૦૨/૦૫/૨૦૧૬ ના રોજ યોજાયેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ કોઈપણ લીઝના ઈન્સપેકશનમાં અગાઉ છેલ્લે થયેલ ઈન્સપેકશનને આધારભૂત ગણી ત્યારપછીના ખાણકામ બાબતે ઈન્સપેકશન કરવાનું રહે છે તથા ખોદકામના જથ્થાનું મેળવણું કરવાનું રહે છે. પરંતુ, ઈન્સપેકશન ટીમો ધ્વારા લીઝની શરૂઆત થી જ અને અગાઉ થયેલ ઈન્સપેકશનોની કાર્યવાહી ધ્યાને લીધા સિવાય ખાણકામના જથ્થાની ગણતરી કરી દંડની આડેધડ નોટીસો આપવામાં આવે છે અને નોટીસના તબકકે ઈ-રોયલ્ટી બંધ કરવામાં આવે છે. આવા ઈન્સપેકશન દરમ્યાન ખનિજના જથ્થાની ગણતરી માટે ભૂસ્તરીય પરિબળો ધ્યાને લઈ ચોકકસ વૈજ્ઞાનિક પધ્ધતિ નકકી કરી ઈન્સપેકશન ટીમોને જણાવવામાં આવે તો ભવિષ્યમાં કાયદાકીય પ્રશ્નો ઉભા ન થાય તેમજ ખનિજ પ્રવૃત્તિને પણ અસર થવા ન પામે તે મુજબ રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી બિરેનભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી સી.એમ. દ્વિવેદી |

ઠરાવ નં.૬

રાજયમાં ખનિજ આધારિત ઉદ્યોગો સ્થાપવા ઈચ્છતા સાહસિકોએ ખનિજ આધારિત મૂલ્ય વર્ધક પ્રોજેકટ સ્થાપવા માટે વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમ્યાન રાજય સરકાર સાથે એમ.ઓ.યુ. કરેલ છે. આ એમ.ઓ.યુ. થકી કેટલાંક સભ્યોએ તો પ્લાન્ટ સ્થાપવા મોટુ રોકાણ પણ કરી દીધેલ છે. આ પૈકી ગૌણ ખનિજ આધારિત ઉદ્યોગકારોને ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ હેઠળ ગૌણ ખનિજની લીઝો (મુખ્ય ખનિજમાંથી ગૌણ ખનિજ તરીકે વર્ગીકૃત થયેલ ૩૧ ખનિજો સહિત) મંજૂર કરવા વિનંતી છે. આ ઉપરાંત મુખ્ય ખનિજો આધારિત ઉદ્યોગો સ્થાપવા ઈચ્છતા સાહસિકો માટે બ્લોક તે ઉદ્યોગ માટે અંકિત કરી હરાજી માટે જાહેરનામુ બહાર પાડી ફાળવણી કરવા રજૂઆત કરવા વિંનંતી છે.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી હંસરાજભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી નરેશભાઈ માકેચા |

ઠરાવ નં.૭

રેતીના લીઝ ધારકોના લીઝ વિસ્તારની આસપાસમાં સરકારશ્રીની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં વર્ક ઓર્ડર હેઠળ તેમજ સરકારી ખરાબો તથા માલિકીના ધોવાણ સર્વે નંબરોમાં જમીન સમથળ કરવાના કારણોસર મોટા જથ્થાની રેતી ખનિજની પરમીટો આપવામાં આવે છે. આ પરમીટ ધારકોએ કાઈપણ નિયમો, કરારો જેમકે અગાઉ ઈ.સી. મેળવવું , ડેડરેન્ટ ભરવું વગેરે જોગવાઈઓનું પાલન કરવાનું નહી હોવાથી આ પરમીટ હેઠળ રેતી ખનિજના જથ્થાનું ધંધાકીય વેચાણ કરી ગેરરીતિ આચરવામાં આવી રહેલ છે. જેથી પરમીટ મંજૂરી સદંતર બંધ કરવી જરૂરી છે અથવા ફકત સરકારી કામોમાં વાપરવામાં આવનાર રેતી ખનિજની કવોરી પરમીટ જે તે કોન્ટ્રાકટરને જ ટેન્ડર રજૂ કર્યેથી આપવી જોઈએ. તેવી રજૂઆત છે.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી જશુભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી અબ્દુલભાઈ સી. શેખ |

ઠરાવ નં.૮

ખનિજના માંગ અને પુરવઠાની પરિસ્થિતિને ધ્યાને લઈ નિયત કરેલ વિસ્તારની હરાજી પધ્ધતિ ઝડપી કરવા વિનંતી. જેથી કરીને માઈનીંગ લીઝ અને પ્રોસ્પેકટીંગ લાઈસન્સ કમ માઈનીંગ લીઝની મંજૂરી મળવાથી ઉદ્યોગો સરળતાથી ખનિજ મેળવી શકશે.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી જય શાહ |
| ટેકો આપનાર | : શ્રી ભરતભાઈ પટેલ |

ઠરાવ નં.૯

ભારત સરકારશ્રી ધ્વારા રાજય સરકારશ્રીને ખાનગી માલિકીની જમીનમાં માઈનીંગ લીઝ મંજૂર કરવાની સત્તા સુપ્રત કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં બોકસાઈટ ખનિજનો નિજી ઉપયોગ (કેપ્ટીવ યુઝ) ધરાવતા એકમો ખૂબ જ ઓછા (જૂજ) છે કે જેઓ ખાનગી માલિકીના બોકસાઈટ ખનિજ સભર વિસ્તારોમાં માઈનીંગ લીઝ મેળવવા માંગે છે. રાજય સરકારશ્રી ધ્વારા આ અંગે નીતિ ઘડી બોકસાઈટ કેપ્ટીવ પ્લાન્ટને મદદરૂપ થવા પામે તો રાજય સરકારશ્રીને રોયલ્ટી પેટેની આવકમાં વધારો થવા પામે તેમ છે.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી પદુભાઈ રાયચુરા |
| ટેકો આપનાર | : શ્રી નરેશભાઈ મકેચા |

ઠરાવ નં.૧૦

બોકસાઈટ ખનિજની અસ્તિત્વ ધરાવતી કેપ્ટીવ માઈનીંગ લીઝોમાંથી નોન પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટ ખનિજના નિકાસની પરવાનગી મેળવવા માટે જુદાજુદા અંદાજે ૨૨ તબકકામાંથી પસાર થવું પડે છે. જેથી નિકાસ પરવાનગી મેળવવામાં ખૂબ જ લાંબો સમય લાગે છે. માન. વડાપ્રધાનશ્રીએ **''Ease of Doing Business Scheme''** જાહેર કરેલ છે. જે અન્વયે રાજય સરકારશ્રી ધ્વારા આ પ્રક્રિયા સરળ બનાવી વહેલામાં વહેલી તકે મંજૂરી મળે તેવી ગોઠવવા સરકારશ્રીમાં રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી નરેશભાઈ માકેચા |
| ટેકો આપનાર | : શ્રી પદુભાઈ રાયચુરા |

**ઠરાવ નં.૧૧**

ચોક ખનિજનું માઈનીંગ અને લેવીગેશન બીજા ખનિજોના માઈનીંગ કરતા જુદા પ્રકારનું અને યુનિક હોય છે. ઓપન કાસ્ટ પધ્ધતિથી માનવશ્રમ ધ્વારા થાય છે. ચોક ખનિજ એ સોફટ મિનરલ છે. તેના માઈનીંગ માટે ફિલીંગ, બ્લાસ્ટીંગ કે વિધુત વપરાશની જરૂર નથી. ચોક ખનિજનું સ્ટેપ બાયસ્ટેપ પીટસ્ માઈનીંગ વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે. વેટ બેન્ચ માઈનીંગ થતુ હોવાથી એર પોલ્યુશન કે ડસ્ટ ઉડવાનો પ્રશ્ન નથી. ચોક ખનિજ મોટે ભાગે ખાનગી માલિકીની જમીનમાંથી મળી આવે છે અને જમીન માલીક લીઝ મેળવીને સ્વરોજગાર ધ્વારા રોજીરોટી મેળવે છે. જેથી આ ખનિજની લીઝોના ખાણકામ માટે માઈનીંગ પ્લાન બનાવવા, એપ્રુવ્ડ કરાવવા, માઈનીંગ સ્કીમ બનાવવી, માઈનીંગ એન્જીનિયર નિયુકત કરવાની જોગવાઈ, માઈનીંગ કલોઝર પ્લાન, ફાયનાન્સીયલ આસીસટન્ટ તથા જી.પી.સી.બી., વગેરે જોગવાઈઓનું પાલન કરવું. આવી નાની ખાણો માટે આર્થિકરીતે પોષણક્ષમ થઈ શકે નહિ. જેથી આ બધી જ બિનજરૂરી જોગવાઈઓનું સરળીકરણ કરવા રજૂઆત કરવા વિનતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી સુરેશભાઈ રાઈઠઠ્ઠા |
| ટેકો આપનાર | : શ્રી રમણીકભાઈ પટેલ |

**ઠરાવ નં.૧૨**

કેપ્ટીવ લીઝ ધારકોને ખનિજનો જે તે હેતુ માટે ઉપયોગ કર્યા પછી લીઝ વિસ્તારમાં અથવા સ્ટોકમાં પડી રહેલ મિનરલ વેસ્ટનો બીજા ઉપયોગ માટે વેંચવાની પરવાનગી મળી રહે તેવી સરકારશ્રીમાં રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી લાલજીભાઈ પટેલ |
| ટેકો આપનાર | : શ્રી અજયસિંહ ગોહેલ |

**ઠરાવ નં.૧૩**

માઈનીંગ મશીનરી અને માઈનીંગ કરવાના મશીન ઓપરેટરો અને ખાણીયાઓને જરૂરીયાત મુજબ આ ક્ષેત્રના નિષ્ણાંતો ધ્વારા રાજયના જુદાજુદા ખનિજ વિસ્તારોમાં નિઃશુલ્ક તાલીમ મળી રહે અને સ્કીલ ઈન્ડિયા કાર્યક્રમના નેઝા હેઠળના લાભ મળી રહે તેવી સરકારશ્રીમાં રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી પી.એન. રાવ |
| ટેકો આપનાર | : શ્રી સી.એમ. દ્રિવેદી |

**ઠરાવ નં.૧૪**

ડીસ્ટ્રીકટ મિનરલ ફંડમાં જમા થયેલ રકમ ખાણ વિસ્તારોના આજુબાજુના પ્રભાવિત વિસ્તારોના વિકાસ અને કલ્યાણ માટે પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ લાભ મળે તે હેતુથી દરેક જીલ્લાઓમાં ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે. તે ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં જે તે જીલ્લાના મિનરલ એસોસીએશન અથવા ખાણ માલિક અથવા આવા કોઈ પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે જેથી જે તે જીલ્લાઓમાં ખાણ પ્રભાવિત ક્ષેત્રોના ઉત્થાન માટે યોજના લાવવામાં આવા શખ્સોના અનુભવનો લાભ મળી રહે તે માટે રજૂઆત કરવા વિનંતી.

| | |
|---|---|
| રજૂ કરનાર | : શ્રી સી.એમ. દ્રિવેદી |
| ટેકો આપનાર | : શ્રી બિરેનભાઈ પટેલ |

# ખનિજ સમાચાર

૧. ઇન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ (IBM) ની પ્રાદેશિક કચેરીનું ૪થો માળ, સી-૧ વીંગ, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે તા.૨૪/૧/૧૭ ના રોજ ઉદઘાટન કરવામાં આવેલ. આ સમારંભના ભાગરૂપે ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશનને પણ આ કાર્યક્રમમાં સહભાગીદાર બનવા માટે આમંત્રણ આપવામાં આવેલ. આ સમારંભના પ્રાસંગિક પ્રવચનમાં એસોસિએશનના પ્રમુખશ્રી પી.એન.રાવએ આઈ.બી.એમ.ની પ્રાદેશિક કચેરી, ગાંધીનગર ખાતે શરૂ કરવા બદલ સચિવશ્રી, બલવિન્દર કુમારનો આભાર વ્યક્ત કરેલ. તેમજ વધુમાં જણાવેલ કે મુખ્ય ખાનિજના લીઝ ધારકોએ અગાઉ આઈ.બી.એમ.ના કામ બાબતે ઉદેપુર સુધી લાંબો પ્રવાસ કરવો પડતો હતો. હવે અંતર ઘટવાથી આઈ.બી.એમ.ને લગતું કામ સરળ અને ઝડપી બનવા પામશે. ગુજરાતના માઈનીંગ ઉદ્યોગકારો અને આઈ.બી.એમ. ગાંધીનગરની પ્રાદેશિક કચેરી સાથેના સંપર્કો મજબુત બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

વધુમા, ઉપરોકત કાર્યક્રમના સૌજન્યના ભાગરૂપે ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશનને હોટલ ફર્ન ખાતે "મિટિંગ ઓન ડિનર" નું આયોજન કરેલ.

૨.ફિમી, ન્યુ દિલ્હી દ્વારા ઉદેપુર (રાજસ્થાન) ખાતે તા. ૨૧ -૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમ્યાન "કોન્ફરન્સ ઓન ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીયલ મિનરલ્સ" અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં ખાસ કરીને માઈનીંગ એકટ અને લીગલ ઇસ્યુ, પર્યાવરણ, માઈનીંગ એકસ્પ્લોરેશન એન્ડ પ્રોસેસિંગ ઇસ્યુ વગેરે વિષયો અંગે ચર્ચા વિચારણા હાથ ધરેલ. જેમાં આપણા એસોસિએશનના શ્રી સી.એમ. દ્વિવેદી – માનદમંત્રીએ "Prospects and Challenges for Growth of Mineral Industry in Gujarat" વિષય પર પેપર પ્રેઝન્ટેશન કરેલ. તેમજ શ્રી જે.વી. ભટ્ટ, જીઓ ટેકનિકલ સલાહકારએ "Prospects & Problems of Production of Proppant from Calcined Bauxite, Calcined, Kaolin and Fly Ash" ના વિષય પર પેપર પ્રેઝન્ટેશન કરેલ. જેમાં એસોસિએશનબ શ્રી સી.એમ. દ્વિવેદી - માનદમંત્રી, શ્રી કે.એન. પટેલ – ચેરમેન લીગલ કમિટિ, શ્રી શૈલેષ જડી – એક્સીકયુટીવ સેક્રેટરી, શ્રી મનુભાઈ સતાસીયા – ઓફીસ બેરરે ભાગ લીધેલ.

૩. સેન્ટર ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીએ (CGWA) એ તા. ૪/૧/૧૭ ના રોજ જાહેર નોટિસથી નામ. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના તા.૧૧/૧/૧૬ દ્વારા બહાર પાડેલ નિર્દેશન મુજબ દરેક હયાત, નવા અને વિસ્તરણ થતા ઉદ્યોગ / પ્રોજેક્ટ દ્વારા વપરાવનાર ભૂગર્ભ જળાશય માટે હાલના કાયદા મુજબ સેન્ટર ગ્રાઉન્ડ વોટર ઓથોરીટી પાસેથી પરવાનગી મેળવવાની રહે છે. આ બાબતે ધી સેન્ટર ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીએ તા.૪/૧/૧૭, તા. ૩૦/૩/૧૭ અને તા.૩૧/૫/૧૭ થી આ બાબતે જાહેર નોટીસ બહાર પાડેલ. પરંતુ, ભૂગર્ભ જળ વાપરતા ઘણા ઉદ્યોગ / પ્રોજેક્ટએ NGT ના નિર્દેશ અન્વયે પૂર્તતા કરેલ નથી. જેથી આ આખરી જાહેર નોટીસ બહાર પાડી ઉદ્યોગ / પ્રોજેકટને તા.૧૩/૭/૧૭ સુધીમાં NOC મેળવવા અરજી કરવા છેલ્લી તક આપવામાં આવેલ છે. અન્યથા એન્વાયરમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ ૧૯૮૬ ની કલમ ૧૫ ની જોગવાઈ મુજબ નિર્દેશના ભંગ બદલ ઉદ્યોગ / પ્રોજેક્ટ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવેલ છે.

૪. ભારત સરકારશ્રીના નાણા મંત્રાલયના મહેસુલ ખાતા (ટેક્ષ રીસર્ચ યુનિટ) ના પરિપત્ર નં.૧૯૨/૦૨/૨૦૧૬ – સર્વિસ ટેક્ષ તા.૧૩/૪/૧૬ ના પરિપત્ર અ.નં. ૯ માં જણાવ્યા મુજબ કુદરતી સંપત્તિના વપરાશ બદલ રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુર થયેલ લીઝોમાંથી ખનિજ ખોદકામ કરી નિકાસ / વપરાશ ઉપર ભરવામાં આવતી રોયલ્ટી ઉપર તા.૧/૪/૧૬ થી સર્વિસ ટેક્ષ ભરવાનો થાય છે તેમ જણાવેલ છે. આ બાબતે એસોસિએશનને રાજ્યના જુદા જુદા લીઝ ધારકો તરફથી કરવામાં આવેલ રજૂઆત મુજબ રાજ્યના જુદાજુદા જીલ્લાઓમા આવેલ સર્વિસ ટેક્ષ કચરીઓ ધ્વારા દરેક ખનીજોના લીઝ ધારકોએ ભરપાઈ કરેલ રોયલ્ટી પર સર્વિસ ટેક્ષ ભરપાઈ કરવા નોટીસો આપી કડક વસુલાતની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. રોયલ્ટી પણ એક પ્રકારનો ટેક્ષ હોઈ રોયલ્ટી ઉપર સર્વિસ ટેક્ષ વસૂલવો ગેરકાયદેસર છે. આ સંબંધે એસોસિએશનએ સરકારશ્રીમાં સંબંધિત વિભાગોમાં રજૂઆત કરેલ છે, પરંતુ તેનો કોઈ જ હકારાત્મક પ્રત્યુત્તર મળેલ નથી. આ બાબતે કર્ણાટક રાજ્ય અને ગોવા રાજ્યમાં નામ. હાઈકોર્ટે સર્વિસ ટેક્ષ ભરવા સામે સ્ટે આપેલ છે. આ બાબતે ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશનએ નામ. ગુજરાત હાઇકોર્ટના રાહે ન્યાય મેળવવા SCA/8167/2017 થી પીટીશન દાખલ કરેલ છે.

૫. સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં તા ૨૪/૫/૨૦૧૭ થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ

નિયમો : ૨૦૧૭ અમલમાં આવેલ છે. જેની કોપી દરેક સભ્યોને ઇમેલ થી મોકલી આપવામાં આવેલ છે. આ નિયમોની ખનિજ ઉદ્યોગ ઉપર પડનાર અસર અને તે અન્વયે સરકારશ્રીમાં રજુ કરવાની બાબતે ચર્ચા વિચારણા હાથ ધરવા તા. ૯/૬/૧૭ ના રોજ એસોસિએશનના હોદ્દેદારો, કારોબારીના સભ્યો તેમજ જુદીજુદી કમિટીઓના તજજ્ઞોની મિટિંગનું અયોજન કરવામાં આવેલ. જેમાં જે નિયમોની ખનિજ ઉદ્યોગ ઉપર પડનાર વિપરિત અસરો અન્વયે સરકારશ્રીમાં રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવેલ.

૬. માઈનીંગ એન્જીનિયર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા, (MEAI), અમદાવાદ ચેપ્ટર દ્વારા તેમના ૨૦મી વર્ષના સ્થાપના નિમિતે ડાયમંડ જ્યુબિલીના ભાગરૂપે Management ઓફ Mine Waste with Value Addition વિષય પર જી.એમ.ડી.સી. અમદાવાદ ખાતે તા. ૯/૬/૧૭ થી તા.૧૧/૬/૧૭ સુધી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં આ વિષય પર જુદાજુદા નિષ્ણાતો દ્વારા પેપર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. જેમાં આપણા એસોસિએશનના માનદ્ જીઓ- ટેકનિકલ અડવાઈઝરશ્રી જે.વી. ભટ્ટ દ્વારા R&D Laboratories Contributions for Value – Added Items Of GMDC Lignite Mines Overburden વિષય ઉપર તેમજ શ્રી જયદીપ સોલંકી (આપણા એસોસિએશનના ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકીના સુપુત્ર) એ Utilization of China Clay Mines Waste વિષય પર પેપર પ્રેઝન્ટેશન રજુ કરેલ. જે આપણા એસોસિએશન માટે ગૌરવની વાત છે.

MEAIના આ સેમિનારના સૌજન્યના ભાગરૂપે ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન દ્વારા તા.૧૦/૬/૨૦૧૭ ના રોજ હોટલ પતંગ રેસ્ટોરન્ટ ખાતે "**નેટવર્ક ડીનર**"નું આયોજન કરવામાં આવેલ. જેમાં કેન્દ્ર સરકાર અને IBMના અધિકારીઓ, સેમિનારના તજજ્ઞો, માઈનીંગ એન્જીનીયર્સ એસોસિએશનના હોદ્દેદારો, સેમિનારના ડેલીગેટ્સ તેમજ ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશનના હોદ્દેદારો, વગેરેએ ભાગ લીધેલ. આ નેટવર્ક ડીનર માટે (૧) મેં. ટાટા કેમિકલ્સ, (૨) મેં. નિરમા લીમીટેડ (૩) મેં જી.એચ.સી.એલ. લીમીટેડ (૪) મેં. આશાપુરા માઈનકેમ લી., (૫) મે. શ્રીરામ મિનરલ્સ, ભુજ (૬) મે. શક્તિ સ્ટોન અને માર્બલ એ સ્પોન્સરશીપ આપી એસોસિએશનને સહયોગ કરેલ. જે બદલ ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન આભાર વ્યક્ત કરે છે.

વધુમાં, જણાવતા આનંદ થાય છે કે આપણા એસોસિએશનના પ્રમુખ શ્રી પી.એન.રાવની માઈનીંગ એન્જીનિયર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા, અમદાવાદ ચેપ્ટરના ચેરમેન તરીકે સર્વાનુમતે નિયુક્ત થયેલ છે. જે આપણા એસોસિએશન માટે ગૌરવની વાત છે.

૭. આપણા એસોસિએશનના ઉપક્રમે તા.૧૭/૬/૨૦૧૭ ના રોજ આત્મા હોલ, અમદાવાદ ખાતે "ટેક્ષોસોલ્યુશન" સ્થાપક શ્રી અરવિંદ ગુપ્તા દ્વારા ઉદ્યોગકારોને GST અંગેની જાણકારી મળી રહે તે માટે Interactive Seminar on GST નું આયેજન કરવામાં આવેલ. આ સેમિનારમાં કરવેરા નિષ્ણાતો દ્વારા GST બાબતે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ. આપણા એસોસિએશનના હોદ્દેદારો અને ઓફીસ બેરર્સ ઉપસ્થિત રહી આ સેમિનારને સફળ બનાવેલ.

૮. ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગ્રેનાઈટ નીતિ : ૨૦૧૭, ગુજરાત ચાયના કલે પોલિસી-૨૦૧૭ તેમજ Working Paper on Future Strategy of Marble in Gujarat ના મુસદ્દાઓ જાહેર જનતા, માઈનીંગ ઇન્ડસ્ટ્રીઝ, ઉદ્યોગ સાહસિકો અને એસોસિએશનના સૂચનો મંગાવવા માટે બહાર પાડેલ છે. જેના સૂચનો અનુક્રમે ૩૦/૬/૨૦૧૭ અને તા. ૮/૭/૨૦૧૭ સુધીમાં મોકલવાના રહે છે.

# NOTIFICTION
Industries and Mines Department
Sachivalay, Gandhinagar
Dated the 20th May, 2017

No. GU/2017/(20)/MCR-102010-163-CHH:- In exercise of the powers conferred by sub-section 23 C of the Mines and Minerals (Development and Regulation) Act, 1957 (67 of 1957), the Government of Gujarat hereby amends the Gujarat Mineral (Prevention of Illegal Mining, Transportation and Storage) Rules, 2005, namely :-

1. These rules may be called the Gujarat Mineral (Prevention of Illegal Mining, Transportation and Storage) (Amendment) Rules, 2017.

2. In the Gujarat Mineral (Prevention of Illegal Mining, Transportation and Storage) Rules (hereafter referred to as "the said rules), in rule 6, in clause (i) after the second proviso, the following proviso shall be inserted, namely :-

   "provide also that – if the amount of violation of rules or breach of condition is equal or more than five lakhs and the lessee / stockiest, requests by an application showing his inability to pay the entire amount of the fine in one time as per the order / notice issued under the said rules and asks to allow to make the payment in installments and if it is deemed fit to the District Collector / Appellate authority or Revisional authority as the case may be he may allow to make the payment in the following manner in installments and issued royalty pass / delivery challan:

| Amount of the fine / notice (in lakh) | Advance payment of the amount of the fine (Minimum) | No. of Monthly installments (Maximum) |
|---|---|---|
| From 5.00 to 10.00 | 30% | 06 |
| Above 10.00 to 50.00 | 30% | 09 |
| More than 50.00 | 30% | 12 |

**Terms & Conditions:**

1. Lessee / stockiest shall produce an affidavit stating that he shall pay the installments regularly and in future shall not commit such offence again and shall adhere to an affidavit and the terms mentioned in the agreement.

2. The Royalty Pass / Delivery Challan can be issued only if the installment of the outstanding amount after paying the advance amount is submitted before the 1st date of the next month.

3. Installment registration register shall be maintained and updated at the district level.

4. The details of the due installment shall be verified by the officer – in – charge.

5. The provisions of the said rules shall apply only to the existing lessee / stockiest.

6. If there is any other breach of the terms of the agreement / rules, it will be subject to further proceedings according to the rules.

7. The lessee / stockiest shall pay the amount of advance within 7 days from the receipt of the order for installment. After that he shall pay the monthly installment on regular basis with simple interest charged at 18% on the outstanding amount".

By order and in the name of the Governor of Gujarat.

**(P.D.. Mehta)**
**Under Secretary to Government**


## ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશનએ ખનિજ ઉદ્યોગના પ્રશ્નો અન્વયે કરેલ રજૂઆત :

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન તેના હોદ્દારો અને કમિટિ મેમ્બરોએ ખનિજ ઉદ્યોગના પ્રશ્નો સંયુકતપણે પત્રના સ્વરૂપમાં / પેપર પ્રેઝન્ટેશન થકી રૂબરૂમાં / લેખિતમાં કમિશ્નરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગાંધીનગરને તેમજ માન. મંત્રીશ્રી ખાણ, ખનિજ અને ઉદ્યોગને અવાર-નવાર રજૂઆત કરેલ જેની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે.

- માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ એકટ : ૨૦૧૫ હેઠળ અસ્તિત્વ ધરાવતી માઈનીંગ લીઝની મુદત વધારી આપવા બાબત.
- ધી ગુજરાત માઈનોર મિનરલ કન્સેશન રૂલ્સ, ૨૦૧૬ તથા ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનિજ પરિવહન અને સંગ્રહની અટકાયત) નિયમો : ૨૦૧૬ આખરી કરવા અંગે.
- ખનિજોના લીઝ વિસ્તારના ખાડા માપણી કરી લીઝ ધારકોને પેનલ્ટી પેટે જંગી રકમો ભરવાની આપવામાં આવતી નોટીસો અને તે અન્વયે ઈ-રોયલ્ટી બંધ કરી ખનિજ નિકાસ પ્રવૃત્તિ અટકાવવામાં આવી રહેલ છે તે અંગે.
- નવી લીઝો મંજૂર કરવા અને હરાજી પ્રક્રિયા ઝડપી કરવા અંગે.
- પાંચ હેકટર સુધીની ગૌણ ખનિજોની લીઝો હરાજી પધ્ધતિથી મંજૂર કરવામાંથી મુકિત આપવા અંગે.
- કચ્છ જીલ્લાના ચાયના કલે ખનિજના લીઝ ધારકો પાસેથી આઈ.બી.એમ. ધ્વારા નકકી થયેલ પ્રતિ મે.ટન રોયલ્ટીના દર કરતા વધારે રકમની કરેલ વસૂલાત અન્વયે આ કરમ રીફંડ / સરભર કરી આપવા અંગે.
- સરકારી ખરાબો તથા પ્રોજેકટ હેઠળ મોટા જથ્થાની રેતી ખનિજની પરમીટો આપવામાં આવે છે. આ પરમીટ હેઠળ રેતી ખનિજના જથ્થાનું ધંધાકીય વેચાણ કરી ગેરરીતિ આચરવામાં આવી રહેલ છે. સરકારી કામોમાં વાપરવામાં આવનાર ખનિજની કવોરી પરમીટ જે તે કોન્ટ્રોકટરને જ ટેન્ડર રજૂ કર્યેથી આપવી જોઈએ.
- રાજય સરકાર ધ્વારા ખનિજ સલાહકાર સમિતિની બેઠકો યોજાવી જોઈએ જેમાં એસોસીએશન પણ સભ્ય હોઈ યોગ્ય રજૂઆતો માટે બોલાવવા જોઈએ. જેથી કરીને સરકાર અને એસોસીએશન વચ્ચે સહકારભર્યુ વાતાવરણ ઉભું થાય અને ખનિજ ઉદ્યોગના વિકાસમાં સહભાગી નીવડે.

++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++++

## શ્રી સી.એમ. દ્વિવેદી, માનદ્ મંત્રીના "ગુજરાત ખનિજ ઉદ્યોગ સામે તાત્કાલિક પડકાર" વિષયના મંતવ્યો




ઉપરોક્ત ટ્રેન્ડ પ્રોત્સાહક જનક છે. પરંતુ સન ૨૦૧૩- ૧૪ થી ખુબ જ ધીમી પ્રગતિ જણાય છે. જે બાબતે ઉદ્યોગના વિકાસ માટે ધ્યાન પર લાવવાની જરૂર છે. રાજ્યમાં મેટાલિક મિનરલ ન મળી આવતા હોવા છતાં રાજ્યની મહેસુલી આવકમાં અન્ય રાજયોની સરખામણીમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે.

### ગુજરાતમાં ખનીજ આધારિત ઉદ્યોગોની સંભાવનાઓ

- પ્રશ્ચિમી, મધ્યપૂર્વીય અને આફ્રિકન એવા બજારો કે વેપાર માટે સહેલાઈથી પહોચી શકાય તેવા લાભદાયી સ્થળો છે.
- ભારતનો ૧૬૦૦ કી.મી. નો લાંબામાં લાંબો દરિયાઈ પટ્ટો છે. જેમાં કુલ ૪૧ બંદરોની હારમાળા ધરાવતો ૩ મોટા અને ૯ એકબીજાની જોડતા મધ્યમ અને ૨૯ નાના બંદરોનો સમાવેશ થાય છે.
- મુન્દ્રા કુલ 15 મીટર ઊંડુ Draft ધરાવતું બંદર છે
- ગુજરાત કુશળ ઉદ્યોગ સાહસિકોનો સમૃદ્ધ વારસો ધરાવતું રાજ્ય છે.

નાણાકીય બોઝમાં વધારો

- DMF ૩૦% અને ૧૦% અને તેની પાશ્વાત અસર તા.૧૨/૧/૧૫ થી અમલીકરણ.
- રોયલ્ટીની રકમ પર સર્વિસ ટેક્ષ
- જાત મહેનતથી ચાલતી લીઝોના માઈનીંગ પ્લાન સાથે રૂ. ૫,૦૦,૦૦૦/- ની અને યાંત્રિકરીતે ચાલતી લીઝોના માઈનીંગ પ્લાન સાથે રૂ. ૧૦ લાખની બેંક ગેરંટી રજુ કરવી. આમ, બેંક ગેરંટીમાં ૧૨ ગણો વધારો ઝીંકાયેલ.
- માઈનીંગ પ્લાન રજુ કરવાની ફી રૂા.૨૫,૦૦૦/-. કરવામાં આવી.
- ફી અને દંડની રકમમાં ૨૦૦ થી ૫૦૦ ગણો વધારો.
- સુચિત દંડની રકમમાં ૫૦૦ ગણો વધારો જે અન્યાયકર્તા છે. આટલી મોટી રકમ ચૂકવવી આમ આદમી કે જે ખનીજના ધંધા સાથે સંકળાયેલ છે તેને આટલી મોટી રકમ ચૂકવવી તેની ક્ષમતા બહાર છે. આથી દંડકીય કાર્યવાહીમાંથી છટકવા બિનકાનૂની કૃત્ય કરવા પ્રેરાશે તેમજ અનૈતિક રાહે સમાધાન / સરભર કરવાનો રસ્તો અપનાવશે.
- અંદાજીત અનામત ખનીજના જથ્થાને ધ્યાને લઈ કિંમતની આકારણી કરવી.
- મુખ્ય ખનીજોની માઈનીંગ લીઝમાં અંદાજીત સ્રોત સામે અપફ્રન્ટ રકમ ૦.૫% અને પરફોર્મન્સ સિક્યુરીટી ૦.૫% રાખેલ છે, જ્યારે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭માં અપફ્રન્ટ રકમ ૧% અને પરફોર્મન્સ સિક્યુરીટી ૧% , રાખેલ છે. જે ઓછા નફાકારક ધંધા માટે ખુબ જ ઉંચી રકમ છે.

**ખનીજની હેરફેર કરતા વાહનના માલિકો માટે –**

- વાહન ચલાવનાર, ભારે વાહનો અને તેના ચાલકો વગેરેએ સરકારશ્રી સાથે ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી જરૂરી ફી ભરી અને સોગંધનામું રજુ કરી નોંધણી કરાવવાની રહેશે, તેમજ માસિક પત્રકો ભરી રજુ કરવાના રહેશે.
- નિયમોના દબાણપૂર્વકના અમલીકરણથી ખનીજ વહન કરતા સાધનો માટે આ બધા નિયમો ખુબ જ ખર્ચાળ બનશે, અંતે આ બોઝ આમ જનતા પર પડવા પામશે.

**આર્થિક વ્યવહાર સામેના પડકારો**

- માઈન્સ એન્ડ મિનરલ (ડેવેલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન), એક્ટ ૨૦૧૫, મિનરલ કન્શેશન રૂલ્સ, ૨૦૧૬ અને મિનરલ કન્ઝર્વેશન એન્ડ ડેવેલોપમેંટ રૂલ્સ :૨૦૧૭ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો: ૨૦૧૭ તથા સૂચિત ગુજરાત ખનિજ (ગેર કાયદે ખનિજ ખોદકામ, વહન અને સંગ્રહ) નિયમો : ૨૦૧૬ની હારમાળા ઉભી થયેલ છે.
- ખાણપટ્ટો તાજો કરવા, લીઝોની મુદત ૫૦ વર્ષ સુધી લંબાવી આપવાની બાબત હજીસુધી પડતરમાં છે.
- લીઝોના પડતર સેવડ કેસીસ અન્વયે લીઝ મંજુર અને કરારખત કરવાના બાકી છે.
- નાની ખાણો માટે પણ માઈનીંગ પ્લાન મુખ્ય ખનીજોની જેમ જ કાર્ય પદ્ધતિ અપનાવવા જરૂરિયાત ઉદભવેલ છે.
- મંજુર થયેલ માઈનીંગ પ્લાન મુજબ ખાણકામ કરવાનું રહેશે અને આયોજનમાં ફેરફાર કર્યેથી માઈનીંગ પ્લાન રીવ્યુ કરી મંજુર કરાવવાના રહેશે.
- ઈ.સી. મેળવવાનું અને તેની જોગવાઈઓનું પાલન કરવાનું.
- કુશળ માનવશક્તિને કામે લગાડવાનું રહેશે.
- કાયદામાં સુધારણા થવાથી તેના અમલીકરણમાં પડનાર મુશ્કેલીઓ.
- કેન્દ્ર સરકાર દ્વારા નવા નિયમોમાં દાખલ કરવામાં આવેલ જોગવાઈઓ ગુજરાત સરકારે પણ નવા નિયમોમાં દાખલ કરેલ છે.
- હાલમાં ખાણ ઉદ્યોગ સામે અસંખ્ય પ્રતિબંધો જેવાકે, Special Economic Zone (SEZ), ઈ.સી. મેળવવું, નવી લીઝો મંજુર કરવા પર પ્રતિબંધ, વગેરે જેવી બાબતોના અમલીકરણમાં અંતરાયો ઉભા થવા પામેલ છે. ગૌણ ખનીજના લીઝ ધારકો દ્વારા સમયમર્યાદામાં અરજીઓ કરવા છતાં રાજ્ય સરકાર દ્વારા લીઝોનું રીન્યુઅલ કરવામાં વિલંબ કરી રહેલ છે. આને કારણે લીઝ ધારકો ખાણકામ પ્રવૃતિમાંથી વિમુખ થતા મોટાપાયે બેરોજગારી ઉભી થવા પામેલ છે.
- ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭માં મુજબ હવે ખાનગી માલિકીની જમીન સહિત કવોરી લીઝો હરાજી પદ્ધતિથી જ મંજુર કરવામાં આવનાર છે .

- ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજશ્રીની કચેરીમાં ખનીજ સંશોધન અને ખનીજ વહીવટમાં લાયકાત ધરાવતા કાર્યક્ષમ સ્ટાફના અભાવે ખનીજ વિકાસ સ્થગિત થવા પામેલ છે.

<u>નવી ટેકનોલોજીનો ઉપયોગ</u>


- રાજ્યમાં ખનીજના નિકાસ માટે વહન કરતા વાહનોમાં ટ્રેકિંગ ડીવાઈસ અને ઈલેક્ટ્રોનિક આઇડેન્ટિફીકેશન ડીવાઈસ લગાડવાના રહેશે. ભાડાની ટ્રકોમાં આવી સગવડતાઓના અભાવે ખનીજ વહન કરતા વાહનોની તંગી ઉભી થશે.
- ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને પત્રકો રજુ કરવા.
- સર્વેલન્સ પદ્ધતિથી ખાણની ઓળખ.
- ઈ-પોર્ટલ અને ઓનલાઈન પત્રકો ભરવાની જાણકારી.
- ગુગલ અર્થ સોફ્ટવેરની વપરાશની જાણકારી
- લીઝોનું સંયોજન ચોક્કસ જ હોવું જોઈએ.
- લીઝોના ખાડા માપણી વખતે સર્વે ડીવાઈસની અને તેની વપરાશની જાણકારી મેળવવી લીઝ ધારકને ઉપયોગી થવા પામશે.
- માઈન્સ સર્વેલન્સ પદ્ધતિ અપનાવવી.

**<u>કાયદાની જોગવાઈઓ</u>:-**

- ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૦ થી જુજ પ્રમાણમાં લીઝો મંજુર અને કરારખત થયેલ છે જે અન્ય રાજ્યોમાં મંજુર થયેલ લીઝોની સરખામણીમાં ખુબ જ ઓછી છે.
- તા.૩૧/૩/૧૫ અંતિત મુખ્ય ખનીજોની ૧૧૩૧ લીઝો અને ગૌણ ખનીજોની ૬૫૬૬ લીઝો અસ્તિત્વમાં હતી. જે રાજસ્થાન અને અન્ય રાજ્યોની સરખામણીમાં આ આંક ખુબ જ ઓછો છે.
- લીઝોની મુદત વધારવામાં અસાધારણ વિલંબ થઈ રહેલ છે.
- મિનરલ ઓકસન રૂલ્સ, ૨૦૧૫ ના અમલીકરણ થી આજદિન સુધી ગુજરાતમાં કોઈ વિસ્તારમાં હરાજી પદ્ધતિથી લીઝ મંજુર કરવામાં આવેલ નથી. જેનાથી હયાત ખનીજ આધારિત ઉદ્યોગો ખનીજની તીવ્ર તંગી અનુભવી રહેલ છે.
- ખનીજોના પ્રાપ્ત સ્ત્રોત અને વિશ્વશનીય અહેવાલ જે હરાજી પદ્ધતિની સફળતાની પ્રાથમિક જરૂરિયાત છે.
- ખાનગી માલિકીની જમીનોમાં અંકિત કરેલા ખનીજોની લીઝો મંજુર કરવી.

<u>ઉપાયો</u> :-

- ગુજરાતમાં ખનીજોના ભંડારો ભરાયેલા છે. ભૌગોલીક સ્થળ અને ઉદ્યોગ સાહસિકોની કુશળતાને લીધે વિવિધ ખનીજ આધારિત ઉદ્યોગોનો વિકાસ થવા પામેલ છે.
- કુશળતાપૂર્વકની કાર્ય પદ્ધતિ આશીર્વાદમાં પરિણમે છે.
- વ્યાવસાયિક રાહે ધંધાની સ્થાપનાની તકો મેળવવી.
- ખાણના લાંબા આયુષ્ય માટે સાચી પદ્ધતિથી ખનીજના અનામત જથ્થાની ઉપયોગ કરવો.
- વધુ શક્તિશાળી અને કાર્યક્ષમ સાધનો, ઓજારો અને નવી ટેકનોલોજીની જાણકારી મેળવવી.
- સમયની માંગને ધ્યાને લઇ Paper Less કાર્ય પદ્ધતિ અપનાવવી.
- સલામત ખાણકામ કરવા અને પર્યાવરણની જાળવણી માટે વૈકલ્પિક આધુનિક પદ્ધતિ અપનાવવી.
- પોતાની લીઝના ખરેખર વિસ્તારની માહિતી મેળવવી.
- આયોજનબદ્ધ ખાણકામ કરવું.
- કુશળ માનવશક્તિને કામે રાખવાથી જૂની પ્રણાલિકાગત ખાણકામની કાર્ય પદ્ધતિમાં પરિવર્તન આવશે.
- જ્યાં પોતાને અન્યાય થયાનું જણાય ત્યાં તેમનો અવાજ ઉઠાવવો.
- કોઇપણ બાબતમાં પ્રતિક્રિયા આપવાને બદલે આપણે દુરંદેશી વ્યવસાયિક કાર્ય પદ્ધતિ અપનાવવી જોઈએ.



જયંતીભાઈ વી. ભટ્ટ (મિનરલ કન્સલટન્ટ),
ભુવનેશ્વરી મિનરલ કન્સલટન્સી,
૨૧૨, સુર-સારથિ બિઝનેશ મેનેજમેન્ટ સેન્ટર,
આંબાવાડી સર્કલ, આંબાવાડી,
અમદાવાદ – ૩૮૦૦૦૬.
ટે.નં. ૨૬૪૬૫૫૭૦, મો. ૯૯૭૯૮૬૬૦૯૭

# બોકસાઈટ આધારિત બહુમૂલ્ય પેદાશોની સંભાવનાઓ

રાજય સરકાર દ્વારા જામનગર અને કચ્છ જીલ્લાઓમાં વિગતવાર સંશોધન કાર્ય કરીને કચ્છમાં ૪૨.૨૫ અને જામનગરમાં ૨૨.૦૦ મિલીયન ટનનો જથ્થો પુરવાર કરવામાં આવેલ છે. આ જથ્થાઓ રિફ્રેકટરી, મેટલર્જીકલ અને લો ગ્રેડના હોવાનું પ્રકાશિત થયેલ છે.

"ખનિજ નીતિ ૨૦૦૩" પ્રમાણે રાજય સરકારનો અભિગમ કાચામાલમાંથી મૂલ્ય પેદાશો ઉત્પાદન કરતા સંકુલો ઉભા કરવાનો અને વધુ ઝોક બહુમૂલ્ય પેદાશોના સંકુલો ઉભા કરવાનો રહયો છે. કચ્છ જીલ્લાનો જથ્થો જાહેરક્ષેત્રના સંભવિત એલ્યુમીના પ્રોજેકટ માટે આરક્ષીત કરાયેલ છે. આ પ્રોજેકટની સંભાવના માટે દુનિયાના નામાંકિત એલ્યુમીના સ્મેલ્ટર ઉભી કરતી કંપનીઓએ પ્રીફીસીબીલીટી અહેવાલો શરતી ધોરણે આપ્યા છે. રાજય સરકાર ધ્વારા નિમ્નકક્ષાના બોકસાઈટમાંથી બહુમૂલ્ય પેદાશો ઉભુ કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે નીતિવિષયક નિર્ણય સરકારશ્રીએ આ કચ્છ જીલ્લામાં બોકસાઈટ આધારિત ઉદ્યોગોનો વિકાસ માટે લેવો હાલ પૂરતો અત્યંત આવશ્યક જણાય છે.

રાજયના અગત્યના ખનીજનું ઉત્ખનન કાર્ય મુખ્યત્વે રાજયના જામનગર અને કચ્છ જીલ્લામાં ખાનગી તથા જાહેરક્ષેત્રની "ગુજરાત ખનિજ વિકાસ નિગમ" ધ્વારા વર્ષે ૧૦ થી ૧૨ લાખ ટન થાય છે. ઉત્ખનના ધ્વારા મળતા જથ્થાનું વિભાજન (૧) નિમ્નકક્ષા (૨) ઉચ્ચ કક્ષામાં કરવામાં આવે છે. સામાન્યરીતે કુલ ઉત્પાદનનો ૮૦% જથ્થો પ્રથમ કક્ષામાં અને બાકીનો દ્રિતિયકક્ષામાં થાય છે. ઉચ્ચકક્ષાનો જથ્થો દિન પ્રતિદિન ઘટતો જાય છે અને નિમ્નકક્ષાના જથ્થાનો ભરાવો થતો જાય છે. જામનગર જીલ્લામાં ખાનગી ક્ષેત્ર ધ્વારા ઉત્ખનના જથ્થા પર આધારિત કેલ્શીનેશન પ્લાન્ટો કાર્યરત છે. કેલ્શીનેશનની પ્રક્રિયા સ્થાયી ભઠ્ઠા, કયુપેલા અને રોટરી કિલનમાં કરવામાં આવે છે. આ પ્રક્રિયા ધ્વારા આશરે ૪ થી ૫ લાખ ટન "કેલ્સાઈન બોકસાઈટ"નું ઉત્પાદન રાજયના ઓરગેનાઈઝ અને ડીઓરગેનાઈઝ ક્ષેત્રે ચાલી રહયું છે. ઉત્ખનના થતા બે કક્ષાના જથ્થાઓ પર આધારિત પેદાશોના સંકુલો માટેની સંભાવનાઓનું વિવરણ કરતાં તાંત્રિક વિધ્યાની સુલભતા, મૂડી રોકાણ અને યંત્ર સામગ્રીના મુદ્દાઓનીી અગત્યતા જણાય છે.

પ્રથમ ભરાવા થતા નિમ્નકક્ષાના બોકસાઈટ પર આધારિત મૂલ્ય પેદાશોનું વિહંગાવલોકન કરકતા "સુલભ તાંત્રિક વિધ્યા" યંત્ર સામગ્રી તથા કુશળ કારીગરોની ઉપલબ્ધતાને લક્ષમાં લઈ – (૧)ફેરીક અને નોન-ફેરીક એલમ (૨) એલ્યુમિના કેમિકલ્સ – દા.ત. એલ્યુમિનિયલ કલોરાઈડ, ફલોરાઈડ, સલ્ફેટ, સ્ટીયરેટ (૩) એબ્રેસીવ ગ્રેઈન (૪) એલ્યુમિનિયલ હાઈડ્રોસાઈડ ઝેલ (૫) જીઓલાઈટ (૬) મોલકયુલરસીવની પેદાશોનું ઉત્પાદન લઘુક્ષેત્રે આર્થિકરીતે સક્ષમ બની શકે તેમ છે.

ઉપરની સર્વે પેદાશોના પ્રોફાઈલ "સ્કોપ ફોર બોકસાઈટ બેઈઝ પ્રોજેકટ ઈન ગુજરાત સ્ટેટ", "ઈન્ડેક્ષ-બી"ના પ્રકાશનમાં આવરી લેવાયેલ છે. પ્રોફાઈલની જાણકારી માટે www.gidb.org/gidb/downloads / **scope for Bauxite Based Projects in Gujarat State** ની વેબસાઈટ " ગુગલ" પર શોધ કરવાથી ઉપલબ્ધ થશે. જાણકારી ઉપલબ્ધ બાદ વિગતવાર ઈકોનોમીકસ ફીસીબીલીટી અહેવાલ બેન્કેબલ તથા નોન બેન્કેબલ તૈયાર કરવા લેખકનો સંપર્ક મૂલ્ય સેવા ધ્વારા મળી શકશે. ઉચ્ચ કક્ષાના ગ્રેડમાંથી હાલમાં કેલ્શીનેશન પ્લાન્ટો બંન્ને જીલ્લામાં ઉભા થયા છે.

કેલ્સીનેશન પેદાશમાંથી મધ્યમ અને વિપુલ ક્ષેત્રે તાત્રિક વિધ્યાની ઉપલબ્ધી સંકલિતકરણ ગંઠીકરણ, કુશળતા અને યંત્ર સામગ્રીના પાશાઓ લક્ષમાં લેતા.

| | |
|---|---|
| (૧) વાઈટબ્રાઉન એબ્રેસીવ | (૨) હાય એલ્યુમીન સિમેન્ટ |
| (૩) એકટીવેટેડ એલ્યુમીના | (૪) કેલ્સાઈન અને ટેબ્યુલર એલ્યુમીના |
| (૫) હાય એલ્યુમીના બ્રીકસ | (૬) એલ્યુમીના પાવડર |
| (૭) સીરામીક પ્રોપેન | (૮) રેસીન કોટેડ સીરામીક પ્રોપેન |

પ્રોપેન જેવી બહુમૂલ્ય પેદાશોનું ઉત્પાદન સંભવિત છે. ઉપરોકત પેદાશોમાં (૩) (૪) (૭) અને (૮) પેદાશો રાજયમાં ઉત્પાદિત થતી નથી. દુનિયાના તેલ અને વાયુ ક્ષેત્રની ખનિજ માગો પ્રમાણે ઉપરોકત પેદાશોનું બજાર મિડલ ઈસ્ટ, દુબઈ, કતાર, નોર્થ અમેરિકા, સાઉદી, મલેશીયા દેશોમાં "હાઈડ્રો ફેકચરીંગ" કરતી કંપનીઓમાં વધી રહયું છે. આ પેદાશોના ઉત્પાદન માટે કેલશાઈન બાર્કસાઈડ નો ઈનપુટને રિફેકટરી અને એબ્રેસીવ તરફથી આ દિશામાં વાળવાથી નફાકારક સૂચિત બિનઉત્પાદિત બહુમૂલ્ય પેદાશોનું ઉત્પાદન ખાનગી તથા જાહેરક્ષેત્રની સાથે સંયુકતરીતે કરવાની ઉજળી સંભાવનાઓ ઉભી છે. પેદાશોના પ્રોફાઈલ તથા તાંત્રિક – આર્થિક શકયતા અહેવાલો માટે લેખકનો સંપર્ક સાધી શકાય છે.



## ડ્રોનનો ખાણોમાં ઉપયોગ

ડ્રોન, જો કે માનવ રહિત વિમાન હોય છે. તેનો ખાણોમાં ઉપયોગ વધતો જાય છે. ડ્રોનનો ઉપયોગ ટાટા સ્ટીલની નુંઆમહુડી આયર્નઓર જેવી ખાણોમાં થઈ રહેલ છે અને એવી ધારણા રાખવામાં આવે છે કે તેનો ઉપયોગ ખાણક્ષેત્રમાં સૌથી વધારે થનાર છે.

સી.એમ. દ્વિવેદી
(માનદ્દમંત્રી, ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન)

ચાર થી પાંચ પાંખવાળા નાનકડા હેલીકોપ્ટર જેવી ડીવાઈસમાં કેમેરા અને જી.પી.એસ. સિસ્ટમ ફીટ કરેલ હોય છે અને તે રિમોટ કન્ટ્રોલથી સંચાલિત હોય છે. આ ડ્રોન જેને Unmaanned Aerial Vehicle System (UAV or VAS) એટલે કે “માનવ રહિત” સાધન કહેવાય છે. તે આશરે ૪૦૦ ફૂટ સુધી ઊંચાઈ પર ઉડીને કામગીરી કરે છે. તેમાં વિવિધ જાતના સોફ્ટવેર ઇન્સ્ટોલ કરેલ હોય છે જે ઉપર ઉડીને જરૂરી સ્થળના જીવંત ફોટા (Real Time) અને સર્વેના ડેટા (વિગતો) કોમ્પ્યુટરના મોનિટર થકી જોઈ શકાય છે.

ડ્રોનનો ઉપયોગ મોટી ખાણોમાં આખા વિસ્તારને કેમેરા દ્વારા રીયલ ટાઈમ મોનીટરીંગ, માઈન્સ પ્લાનીંગમાં, દુર્ગમ વિસ્તારોનો સર્વે, લીઝ બાઉન્ડ્રી, નિરીક્ષણ અને સંરક્ષણ, એરિયલ (હવાઈ) ફોટોગ્રાફી, બ્લાસ્ટિંગ મોનીટરીં, સ્ટોકપાઈલના જથ્થા જાણવા, આવા ઘણા ઉચ્ચસ્તરીય કામો માટે વ્યાપક પ્રમાણમાં ઉપયોગી છે. તે ઉચ્ચ કક્ષાની કુત્રિમ બુદ્ધિમત્તા (High Level Artificial Intelligence) સાથે સુસજ્જ હોય છે. આવનાર સમયમાં ડ્રોનનો ઉપયોગ ગેરકાયદેસર ખોદકામનું નિરીક્ષણ અને તેને રોકવા માટે થઈ શકે છે. નાની મોટી ખાણોના ક્લસ્ટર વિસ્તારમાં એકબીજાના વિસ્તાર, ખોદકામ અને દબાણોના વિવાદ ઉકેલવામાં પણ ખુબ જ ઉપયોગી સાબિત શકે છે.

## જી.પી.એસ. અને ગુગલ અર્થનો ઉપયોગ

જી.પી.એસ. સિસ્ટમનો ઉપયોગ બહુ જ સામાન્યરીતે થઈ રહેલ છે. દરેક એન્ડ્રોઇડ મોબાઈલમાં તે ડાઉનલોડ કરી શકાય છે. જી.પી..એસ. ડિવાઈસ પણ મોબાઈલ ફોન જેવી જ હેંડી (હાથવગુ) હોય છે. જી.પી..એસ. એટેલે કે “Global Positioning System”. તે પૃથ્વી પર તમે ક્યાંય પણ હોવ, તે સ્થાનનું ઉપગ્રહ દ્વારા અક્ષાંશ અને રેખાંશ (Co-ordinates) બતાવે છે. જેમ જેમ તમે તે જગ્યાએથી ફરશો તેમ તે Co-ordinates ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશામાં (મુવ થતા) જ ફરતા જાય છે અને તે પ્રમાણે ગ્લોબ ઉપર તમારો ફરવાનો રસ્તો બતાવતો જાય છે.

આજ પ્રમાણે ગુગલ અર્થ પણ લેપટોપ, કોમ્પ્યુટર અથવા સારી ગુણવત્તાવાળા એન્ડ્રોઇડ મોબાઈલ પર ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. ગુગલ અર્થમાં વ્યકિત પોતાની સ્થળ સ્થિતિના ઉપગ્રહથી પાડેલા ફોટા અને મેપ જોઈ શકે છે. તે ફોટા અને મેપ વર્ષ દરમ્યાન **National Aeronautics & Space Administration (NASA)** દ્વારા પ્રાપ્ત ડેટા અપડેટ થતા રહેતા હોય છે. ગુગલ અર્થમાં તમે Co-ordrdinates નાખીને તે જગ્યાઓની પરિસ્થતિ જાણી શકો છો અને ઉપયોગી લોકેશનો તેમાં સેવ પણ થાય છે.

જી.પી.એસ. અને ગુગલ અર્થ એપ્લીકેશનનો ઉપયોગ કરી તમે તમારા લીઝ વિસ્તારના ખૂટ, બાઉન્ડ્રી અને તેમાં થતી માઈનીંગ એકટીવીટી તેમજ તમારી લીઝની આજુબાજુની ખાણો, રસ્તાઓ, લીઝો અને અન્ય જમીનોની પરિસ્થિતિ / અવસ્થા તેમજ બદલાતી પરિસ્થિતિ જેમ કે ખાડાઓની વધતી જતી ઊંડાઈની પરિસ્થિતિ પણ તમારા કોમ્પ્યુટરમાં જોઈ શકો છો.

લીઝ વિસ્તારમાં ખૂંટ / બાણની જી.પી.એસ. દ્વારા અક્ષાંશ / રેખાંશ જાણીને તે Co-ordinates ને ગુગલ અર્થ પર એન્ટ્રી કરી તમારા લીઝ વિસ્તારની પરિસ્થિતિ / ડેવલોપમેન્ટ જોઈ શકો છો તેમજ ક્લસ્ટરમાં રહેલી ખાણોમાં એકબીજાના દબાણ વગેરે પણ જાણી શકો છો. વધુ ચોકસાઈ માટે ડી.જી.પી.એસ. અને ઓટોકેડ એપ્લીકેશન ઉપયોગી રહે છે.

MINERAL VALUE ADDED PRODUCTS PROJECTS

Concepts to Commissioning

- Sourcing raw materials with acquisition of captive mines / quarry.
- Selection of equipments, machineries, machineries with evolution of flow – sheet of mineral processing.
- Technology tie – ups
- Mineral projects feasibility AND MINERAL PROJECTS PROFILE.
- Marketing for the end – product and minerals.
- Appraisal of Laboratory Analysis & eraction..
- Geological mapping, Industrial mineral prospecting.
- Mineral trading.

Please contact for more details

**J.V. BHATT**
**Mineral Consultant**

Ex-Additional Director, Commissioner of Geology & Mines, Government of Gujarat,
Ex- General Manager, Industrial Extension Bureau (INDEXTb), Gandhinagar **Panel Expert** :GITCO Ltd.,

BHUVANESHVARI MINERAL CONSULTANCY

212, Sur-Sarthi Business Management Centre, Opp. Central Bank of India,
Ambawadi Circle, Ahmedabad – 380 006.
Phone : (079) 26465570 (M) 9979866097,
Email : jvbhattmc@yahoo.com, Website : www.jvbmineralprojects.com

# એસોસિએશનના સભ્યશ્રીઓ જોગ

## વાર્ષિક લવાજમ પેટેની રકમ જમા કરાવવા અંગે:

- વિનંતી સાથે જણાવવાનું કે એસોસિએશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ ના વાર્ષિક લવાજમના ઇન્વોઇસ મોકલી આપેલ છે. જે અન્વયે એસોસિએશનના લીમીટેડ કંપનીના આજીવન સભ્યોએ સભ્યદીઠ વાર્ષેક લવાજમ પેટે રૂા.૫૦૦૦/- અને લીમીટેડ કંપની સિવાયના આજીવન સભ્ય પાસેથી દરવર્ષે વાર્ષિક રૂા. ૨૦૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭ થી લેવાનું ઠરાવેલ છે. જેથી સભ્યશ્રીઓને વિનંતી કે ચાલુ વર્ષની તથા અગાઉના વર્ષની બાકી રહેલી વાર્ષિક લવાજમની રકમ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

## ઈમેલ બાબતે:

- એસોસિએશનના સભ્યશ્રીઓને જણાવવામાં આવેલ છે કે ખનિજ ઉદ્યોગને લગતા કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા પરિપત્રો, ઠરાવો, હુકમો, ગાઈડલાઈન્સ, દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થતા સમાચારો, નામ. કોર્ટના ચુકાદાઓ વગેરે આપણા સભ્યોને તાત્કાલિક મળી રહે તે માટે એસોસિએશન દ્વારા ઈ-મેઈલથી મોકલી આપવામાં આવી રહેલ છે. આ વ્યવસ્થાને આપણા સભ્યો દ્વારા ખુબ જ સારો પ્રતિભાવ મળી રહેલ છે. પરંતુ, હજી અમુક સભ્યોના ઈ-મેઈલ આઈડી અમારી પાસે ઉપલબ્ધ ન હોઈ  તેઓએ તેમનું ઈ-મેઈલ એડ્રેસ તેમજ જો સરનામામાં કોઈ ફેરફાર હોય તો તેની વિગત **gujmin@gmail.com** પર તાત્કાલિક મોકલી આપશો.



# 20 MICRONS® LIMITED

Value Addition | Micronized Products | Growing Together


20 MICRONS® LIMITED

**Registered Office**

9-10, GIDC, Industrial Estate, Waghodia-391760, Dist. Vadodara, Gujarat, India.

enquiry@20microns.com    www.20microns.com